# મારા વીરા Lyrics in Gujarati

હો બેની મારી નારે ભીજવશો આંખડી રે
એ બેની મારી નારે ભીજવશો આંખડી રે
હો હરખ આયો વીરા તને બાંધતા રાખડી રે
હે ઓહુ તારા ઓહુ તારા ઓહું તારા
કાળજા ના કટકા કરે ચાર
આહુડા તારા કાળજા ના કટકા કરે ચાર
બેની મારી નારે ભીજવશો આંખડી રે
હો મને હરખ થયો વીરા તને બાંધતા રાખડી રે

હો તારા વિના વીરા કોણ હતું મારે
મારા કારણે એ ભઈલા દુઃખ વેઠયું હારે
એ મારી ઉંમર બેની તને લાગી જાય
દુઃખનો વાયરો તને કોઈ દાડો ના વાય

હો વીરા તું તો મારા જીવતરની લાકડી રે
હે બેની તું તો મારા આંગણીયા નું ફૂલ
હે બેની તું તો મારા આંગડિયા નું ફૂલ
બેની મારી નારે ભીજવશો આંખડી રે
આહુડા તારા કાળજા ના કટકા કરે ચાર
Bharatlyrics.com
આહુડા તારા કાળજા ના કટકા કરે ચાર
બેની મારી નારે ભીજવશો આંખડી રે
હો મને હરખ આયો વીરા તને બાંધતા રાખડી રે

હો અમે પારેવડા કાલે ઉડી જાશું
તમારા ઋણ ભઈલા ચમ કરી ચૂકવશું
હો માયા લાગેલી તારી કદી ના ભુલાશે
મારું તો ઠીક ઘરની દીવાલો પણ રડશે
હો ભઈલા જેને ભય નથી તેને કાળી રાતડી રે

મારી લાડકી બેની તારા વિના કરશું કોને લાડ
મારી લાડકી બેની તારા વિના કરશું કોને લાડ
બેની મારી નારે ભીજવશો આંખડી રે
આહુડા તારા કાળજા ના કટકા કરે ચાર
આહુડા તારા કાળજા ના કટકા કરે ચાર
બેની મારી નારે ભીજવશો આંખડી રે
હો આજ હરખ આયો વીરા તને બાંધતા રાખડી રે
મારી લાડકી બેની નારે ભીજવશો આંખડી રે

*More Lyrics from [Saregama Gujarati]*